Seat No.: | | | | | | | |

Sl. No. : 101452

# 207(G)

**(March, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 58 પ્રશ્નો છે.
2) પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપો.
3) પ્રશ્નોની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
4) નવો વિભાગ નવા પાના પર લખો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 20 બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો છે. દરેક પ્રશ્ન માટે આપેલા વિકલ્પ પૈકી સાચો વિકલ્પ પસંદ કરી લખો. દરેકનો 1 ગુણ છે.** **[20]**

1) કોઈ હિસાબી વ્યવહાર લખવાનો રહી જાય તો તેને કયા પ્રકારની ભૂલ કહેવાય છે ?
   (A) સિદ્ધાંતની
   (B) વિસરચૂક
   (C) ભરપાઈ ચૂક

2) બક્ષિસવેરાના કાયદા મુજબ નીચેનામાંથી કઈ બક્ષિસ માની લીધેલ બક્ષિસ ગણાય છે ?
   (A) રોકડની બક્ષિસ
   (B) હિસાબી ચોપડે નોંધાતી બક્ષિસ
   (C) લગ્ન પ્રસંગે આપેલ બક્ષિસ

3) ઓડિટ કાર્યનો અંતિમ તબક્કો કયો છે ?
   (A) વાઉચિંગ
   (B) ચકાસણી
   (C) મૂલ્યાંકન

4) ઇન્કમટેક્ષ રિફંડનું વાઉચિંગ કરતી વખતે નીચેનામાંથી કયું વાઉચર તપાસવું જોઈએ ?

(A) ખરીદ બીલ

(B) વેચાણ બીલ

(C) રિફંડનો હુકમ

5) સંપત્તિવેરામાં અંગત વાહનો કેટલા સુધી કરમુક્ત છે ?

(A) ₹ 75,000

(B) ₹ 80,000

(C) ₹ 90,000

6) કઈ તપાસમાં થોડા કસોટીરૂપ વ્યવહારોની પસંદગી કરવામાં આવે છે ?

(A) નિત્ય તપાસ

(B) ચકાસણી

(C) પ્રાયોગિક તપાસ

7) આવકવેરાનો કાયદો કઈ સાલથી અમલમાં આવ્યો ?

(A) 1965

(B) 1961

(C) 1972

8) નીચેનામાંથી કઈ વિગત ઓડિટરના કામકાજના કાગળોમાં સમાવેશ થાય છે ?

(A) પાકું સરવૈયું

(B) ઓડિટ કાર્યક્રમ

(C) શેર હોલ્ડરોની યાદી

9) આંતરિક અંકુશની પ્રથા કેવી હોય છે ?

(A) જડ

(B) કામ ચલાઉ

(C) પરિવર્તનશીલ

10) વેચાણમાલ પરત આવે ત્યારે કઈ ચિઠ્ઠી લખવામાં આવે છે ?

(A) વચન ચિઠ્ઠી

(B) જમા ચિઠ્ઠી

(C) ઉધાર ચિઠ્ઠી

11) બક્ષિસવેરો ભરવાની જવાબદારી નીચેનામાંથી કોની હોય છે ?

(A) બક્ષિસ આપનાર

(B) રાજ્ય સરકાર

(C) બક્ષિસ લેનાર

12) આંતરિક અંકુશથી કર્મચારીઓમાં શું કેળવાય છે ?

(A) સમજણ

(B) નિયમિતતા

(C) બન્ને

13) ભારતીય કંપનીધારા પ્રમાણે હિસાબોનું શું કરાવવું ફરજિયાત નથી ?

(A) ઓડિટ

(B) મૂલ્યાંકન

(C) અન્વેષણ

14) કોઈ એક વ્યક્તિએ બીજી વ્યક્તિની તરફેણમાં અવેજ વગર કરેલ મિલકતનું હસ્તાંતરને શું કહે છે ?

(A) વેચાણ

(B) ધર્માદો

(C) બક્ષિસ

15) કેન્દ્ર કે રાજ્ય સરકારના હિસાબો ઓડિટ કરવાનું કામ કોણ કરે છે ?

(A) કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટ જનરલ

(B) ઓડિટર

(C) કેન્દ્ર સરકાર

16) હિસાબો કોણ રાખે છે ?

(A) હિસાબનીશ

(B) ઓડિટર

(C) શેર હોલ્ડરો

17) કઈ પદ્ધતિમાં હિસાબો લખવા તેમજ તપાસવાનું કાર્ય એક સાથે થાય છે ?

(A) આંતરિક અંકુશ

(B) આંતરિક ઓડીટ

(C) પડતર ઓડિટ

18) ઓડિટિંગનો આત્મા કોણ છે ?

(A) મૂલ્યાંકન

(B) વાઉચિંગ

(C) ચકાસણી

19) નીચેનામાંથી કઈ ભૂલ કાચા સરવૈયાને અસર કરતી નથી ?

(A) વિસરચૂક ભૂલ

(B) ખતવણીની ભૂલ

(C) બેવડી ખતવણી

20) પડતરના હિસાબોનું કાર્યક્ષેત્ર કેવું છે ?

(A) મર્યાદિત

(B) સાંકળુ

(C) વિશાળ

## વિભાગ - B

■ **નીચે આપેલા 21 થી 30 પ્રશ્નોના અતિ ટૂંકમાં જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

21) મૂલ્યાંકન એટલે શું ?

22) સંપત્તિવેરો એટલે શું ?

23) અધ્યાપકને મળતા પરીક્ષા મહેનતાણાંની રકમ આવકવેરામાં કયા શીર્ષક હેઠળ મુકવામાં આવે છે?

24) બેન્ક ખાતાના વાઉચિંગ વખતે ઓડિટરે શું તપાસવું જોઈએ ?

25) ઓડિટરનું કાર્ય શું છે ?

26) સતત ઓડિટ ક્યાં અનુકૂળ પડે છે ?

27) કસ્ટમ ડ્યુટી કોણ ઉઘરાવે છે ?

28) અર્ધવાર્ષિક ઓડિટ ખાસ કયા હેતુથી કરવામાં આવે છે ?

29) કઈ આવકોનો સમાવેશ મકાન - મિલ્કતમાંથી મળતી આવકોમાં કરવામાં આવે છે ?

30) ઓડિટ કાર્યક્રમ એટલે શું ?

## વિભાગ - C

■ **નીચે આપેલા 31 થી 44 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. દરેક પ્રશ્નોના 2 ગુણ છે. (ગમેતે 12)** **[24]**

31) ઓડિટરની નિમણુંક કે પુનઃ નિમણુંક વિશિષ્ટ ઠરાવ દ્વારા થાય તેવી ચાર સંસ્થાઓ જણાવો.

32) ચોખ્ખી સંપત્તિ એટલે શું ?

33) ઓડિટર ઓડિટ કરતી વખતે કઈ - કઈ નિશાનીઓનો ઉપયોગ કરે છે ?

34) અન્વેષણના કોઈપણ બે પ્રસંગો જણાવો.

35) સંપત્તિવેરા અન્વયે માની લીધેલી કોઈપણ બે મિલકતો જણાવો.

36) ખામીવાળો ઓડિટ અહેવાલ કયા સંજોગોમાં આપી શકે છે ?

37) વેચાણવેરાની મુદતીના બે પ્રસંગો જણાવો.

38) આંતરિક અંકુશની વ્યાખ્યા આપો.

39) ઓડિટના ચાર પ્રકારો જણાવો.

40) ઓડિટિંગના કોઈપણ બે લક્ષણો જણાવો.

41) પાછલું વર્ષ એટલે શું ?

42) ફરીથી વેચાણ (પુનઃ વેચાણ)ના કોઈપણ બે ઉદાહરણ જણાવો.

43) કરદાતા એટલે શું ?

44) ઓડિટ નોંધપોથીની વ્યાખ્યા આપો.

## વિભાગ - D

■ **નીચેના 45 અને 46 ટૂંકા પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[6]**

45) ટીમિંગ અને લેડિંગ પદ્ધતિ સમજાવો.

46) કંપની ઓડિટરના ગુણો જણાવો.

■ **નીચેના 47 થી 50 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેકના 4 ગુણ છે. (ગમે તે ત્રણ)** **[12]**

47) વેપારીને કર ભરવાની જવાબદારીમાંથી મુક્તિ પ્રાપ્ત થાય તેવા પ્રસંગો જણાવો.

48) આકસ્મિક આવક એટલે શું ? આકસ્મિક આવકના ચાર ઉદાહરણ આપો.

49) પડતર ઓડિટની લાક્ષણિકતાઓ જણાવો.

50) ઓડિટ અહેવાલના ફાયદા જણાવો.

■ **નીચેના 51 અને 52 પ્રશ્નોના તફાવતલક્ષી જવાબ લખો. દરેકના 4 ગુણ છે.** **[8]**

51) નિત્ય તપાસ અને પ્રાયોગિક તપાસ વચ્ચેના તફાવતના ચાર - ચાર મુદ્દા લખો.

52) ઓડિટ અને અન્વેષણ વચ્ચેના તફાવતના ચાર - ચાર મુદ્દા લખો.

## વિભાગ - E

■ **નીચે આપેલા 53 થી 58 નિબંધલક્ષી પ્રશ્નોના જવાબ આપો. દરેકના 5 ગુણ છે. (ગમે તે ચાર)** **[20]**

53) પગારના શીર્ષક હેઠળ સમાવાતી આવકો જણાવો.

**54)** કંપની ઓડિટરની ગેરલાયકાતો જણાવો.

**55)** આદર્શ અંકુશ પદ્ધતિના લક્ષણો જણાવો.

**56)** પડતર ઓડિટના હેતુઓ જણાવો.

**57)** ગુજરાત વેચાણવેરા સંદર્ભમાં નીચેના શબ્દોની સમજૂતિ આપો. (ગમે તે બે)

(1) વેપારી (2) માલ

(3) ખેતી અને ખેડૂત

**58)** ધ્યાના પટેલ એક કંપનીમાં નોકરી કરે છે. નીચેની માહિતી પરથી ગ્રોસ આવકની ગણતરી કરો.

(1) મૂળ પગાર (માસિક) ₹ 16,000

(2) મનોરંજન ભથ્થું (વાર્ષિક) ₹ 4,500

(3) મોંઘવારી ભથ્થું - મૂળ પગારના 65% લેખે

(4) બોનસ - 1 (એક) મૂળ માસિક પગાર

(5) માલિકનો માન્ય પ્રોવિડન્ડ ફંડમાં ફાળો - મૂળ પગારના 8% લેખે

(6) માલિક દ્વારા ચૂકવેલ જીવન વિમા પ્રિમીયમ ₹ 3,500

◆◆◆